# VASISHTHA GENESIS SCHOOL

GUJARATI MEDIUM | ENGLISH MEDIUM (GSEB)

॥ सर्वे भवन्तु सुखिनः ॥

સ્નેહી વાલી મિત્રો, સ્નેહાર્દ વંદન

આપ કુશળ હશો...

- શાળા એ બાળકોનું બીજું ઘર છે. જેમ પોતાના અંગત પરિવાર માટે બાળકોને લાગણી હોય છે તેવી જ લાગણી શાળા પરિવાર માટે પણ હોય છે. માટે જ બાળકો તેમના જીવનની મહત્વની અને યાદગાર ક્ષણો પરિવાર અને શાળા બંને જગ્યાએ જીવવા કે ઉજવવા માગતા હોય. બાળકો માટે તેના જીવનનો સૌથી મહત્વનો દિવસ જો કોઈ હોય તો તે તેનો જન્મદિવસ છે. જેની ઉજવણી તે ઘરની સાથે સાથે શાળામાં પણ પોતાના મિત્રો સાથે ઉજવીને ખૂબ જ આનંદ પ્રગટ કરતાં હોય છે.
- તો આ ઉજવણીના ભાગરૂપે બાળકો શાળામાં તેની સાથે અભ્યાસ કરતાં મિત્રો માટે વિવિધ પ્રકારની ચોકલેટ લાવતાં હોય છે. આપ જાણો છો કે વધુ પડતી ચોકલેટ બાળકોના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. હવે આપણી શાળામાં રોજ કોઈને કોઈ બાળકનો જન્મદિવસ હોવાનો જ તો રોજ ચોકલેટ વધુ પ્રમાણમાં બાળકોને મળે તે પણ યોગ્ય નથી. આ ઉપરાંત બાળકો અમુક પ્રકારની ચોકલેટ લેવાની જીદ પણ કરતાં હોય છે તેવું પણ ધ્યાનમાં આવ્યું છે.
- આ તમામ વસ્તુને ધ્યાનમાં રાખતા શાળા પરિવારે આ વર્ષથી નક્કી કર્યું છે કે બાળકો પોતાના જન્મદિવસે શાળામાં ચોકલેટ વિતરણ કરશે નહી.
- નોંધ - ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને વાલીશ્રીને ખાસ જણાવવાનું કે આપના બાળકના જન્મદિન નિમિત્તે બાળક સાથે તેમના મિત્રો માટે, સ્ટાફ માટે કે અન્ય કોઈ વ્યક્તિ માટે ચોકલેટ કે અન્ય કોઈ ગિફ્ટ મોકલવી નહીં, જેની ખાસ નોંધ લેવી.

**... સહકાર બદલ આભાર ...**

**આચાર્યશ્રી**